સુવિચાર : ખુલ્લું મન અને ખુલ્લું આકાશ હોય ત્યાં દુનિયાના બધા વાસી ધર્મો આથમી જાય છે, બચે છે કેવળ માનવધર્મ - ધર્મસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૬ | ૬ મે, ૨૦૧૫, બુધવાર ; વૈશાખ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



દાઉદ અંગે સરકાર પાસે માહિતી નથી

Page-6

# સે-૨૧ શોપીંગની અચાનક મુલાકાતે મુખ્ય સચિવ

## શોપીંગમાં વર્ષોથી બંધ અને કંગાળ ભાસતા ફુવારાના સ્થાને હવે પાર્કિંગ બનશે : વેપારીઓમાં ઉત્સુકતા : શોપીંગના પ્રશ્નો અંગે રજુઆત કરી

ગાંધીનગર, તા ૫

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સે- ૨૧ શોપીંગ વિસ્તારમાં આજે સવારે રાજયના મુખ્ય સચિવે ફૂવારા અંગે જાણકારી મેળવી વિભાગના અધિકારીઓને ફૂવારાના સ્થાને પાર્કીંગ બનાવવાની સુચના આપી હતી. આ ઉપરાંત સફાઇ

શહેરના હાર્દસમા મુખ્ય શોપીંગ વિસ્તારમાં આજે રાજયના મુખ્ય સચિવ ડી જે પાંડીયનને ઓચિંતી મુલાકાત લીધી હતી. મુખ્ય વેપારીઓએ તેમનુ સ્વાગત કર્યું હતું. મુખ્ય સચિવના આગમનને અનુલક્ષી શોપીંગ વિસ્તારમાં સફાઇ કામદારો પણ કચરો ઉલેચવા લાગી ગયા હતા. ફુવારાના સ્થાને પાર્કીંગ બનાવવાની વેપારીઓની રજુઆત સંદર્ભે હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. આ મામલે તેમણે માર્ગ મકાન

ત્યારબાદ મુખ્ય સચિવે શાકમાર્કેટમાં પણ રાઉન્ડ લીધો હતો. ત્યાં પણ સફાઇના પરિબળો ચકાસ્યા હતા. આ દરમિયાન તેમણે એક વેપારીને





(તસવીર : દિપક જાની)

ઓચિંતા મુલાકાત લીધી હતી.જિલ્લા કલેકટર તેમજ માર્ગ મકાન વિભાગના સચિવ સહિત અધિકારીઓના કાફલા સાથે સવારે ૧૦ કલાકે મુખ્ય સચિવે નગરના મુખ્ય શોપીંગ વિસ્તારનો રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન શોપીંગમાં વર્ષોથી કંગાળ ભાસતા બંધ

વ્યવસ્થા અંગે પણ જરૂરી સુચના આપી હતી. આ મામલે વેપારીઓ સાથે પણ તેમણે પરામર્શ કરી હતી. મુખ્ય સચિવના આગમન ટાંણે શોપીંગ વિસ્તારમાં સફાઇ કામગીરી પણ તેજ બનાવી દેવાઇ હતી. વેપારીઓમાં પણ વિશેષ ઉત્સુકતા જોવા મળી હતી.

સચિવની સાથે જિલ્લા કલેકટર રવિશંકર,માર્ગ મકાન વિભાગના સચિવ પી એન જૈન સહિત અધિકારીઓની ટીમે શોપીંગ વિસ્તારમાં રાઉન્ડ લીધો હતો. મુખ્ય સચિવના આગમનથી વેપારીઓમાં પણ ઉત્સુકતા પ્રર્વતી હતી.

આ દરમિયાન તેમણે શોપીંગમાં સ્થિત બંધ ફુવારાની સ્થળ મુલાકાત લઇ જાણકારી મેળવી હતી. શોપીંગ વિસ્તારમાં વર્ષાથી બંધ અને કંગાળ જોવા મળતા ફુવારાને અનુલક્ષી વેપારી આગેવાનોએ પણ તેમને રજુઆત કરી હતી. આ તબક્કે મુખ્ય સચિવે બંધ

વિભાગના અધિકારીઓને પણ જરૂરી સુચના આપી હતી. આગામી સમયમાં મુલાકાતીઓને ધ્યાને લઇ જરૂરી આયોજન કરવા પણ તેમણે જણાવ્યુ હતું. આ ઉપરાંત તેમણે શોપીંગ વિસ્તારમાં સફાઇ વ્યવસ્થા અંગે પણ વેપારી આગેવાનો પુછતાછ કરી હતી.

બટાટાનો ભાવ પૂછયો હતો. બટાટાના ઉત્પાદનની સામે ઉંચો ભાવ સાંભળી તેઓ ચોંકી ઉઠયા હતા. શાકમાર્કેટ ઉપરાંત તેમણે મટનમાર્કેટની પણ મુલાકાત લીધી હતી. મુખ્ય સચિવની મુલાકાત દરમિયાન તેમણે શોપીંગ

● અનુસંધાન પાન-૭ પર

### મુખ્ય સચિવની મલાકાત સાથે - સાથે

- શોપીંગ વિસ્તારમાં મુખ્ય સચિવની ઓચિંતી મુલાકાતથી વેપારીઓમાં પણ ઉત્તેજના પ્રવર્તી હતી.
- અધિકારીઓના કાફલા સાથે ટીમે શોપીંગ વિસ્તારનો રાઉન્ડ લઇ સફાઇ સહિતની વ્યવસ્થા અંગે જાણકારી મેળવી હતી.
- શોપીંગ વિસ્તારમાં મુકાયેલી કચરાપેટીનુ પણ મુખ્ય સચિવે નિરિક્ષણ કર્યુ હતું.
- શોપીંગના બંધ ફુવારા અંગે પણ તેમણે સ્થળ પર નિરિક્ષણ કરી જરૂરી પૂછતાછ કરી હતી.
- આ ઉપરાંત પાર્કિંગ વ્યવસ્થા સંદર્ભે પણ ચર્ચા કરી હતી.
- આ દરમિયાન વેપારી પાસેથી બટાટાના ભાવ જાણી તેઓ ચોંકી ઉઠયા હતા.
- રાઉન્ડ દરમિયાન સંપર્કમાં આવેલા શ્રમિક પરિવારના સાહીલ નામના બાળકને તેમણે ચોકલેટ ખવડાવી સ્નેહપૂર્વક પ્રશ્નો પૂછયા હતા.
- માતાથી વિમુખ બાળકે અભ્યાસ છાડી દીધો હોવાનુ સ્પષ્ટ થતા શાળામાં પ્રવેશ અપાવવા સહિતની જરૂરી બાબતે તેમણે સાથેના અધિકારીઓને સુચના આપી હતી.
- બંધ ફૂવારાને દુર કરી જગ્યા ખુલ્લી કરવા તેમજ આ સ્થળે પાર્કિંગ બનાવવા પણ તેમણે સુચના આપી હતી.
- વેપારીઓએ પાંડીયનને સહકાર આપવાની ખાત્રી આપી હતી.





પાણીની પરબ - આકરો બનતો ઉનાળો માનવજાતને હંફાવે છે... સૂરજદાદા અગિયાર વાગ્યાથી જ અગનગોળા વરસાવતા હોય તેમ ધરતી પર ધખધખતો તાપ અનુભવાય છે... એક સ્થાનેથી બીજા સ્થાને જવા માટે ગરમીમાં ગમે તે પ્રકારના વાહનમાં મુસાફરી થાય છતાં પાણીની અનિવાર્યતા સર્જાય છે... ગુજરાતની સંવેદનશીલતા અને સંસ્કાર માનવતાથી ઉભરાય છે... અને એટલે જ આપણે ગરમીના દિવસોમાં રાજ્યના કોઈપણ માર્ગ પર, કોઈપણ ખૂણામાં પાણીની પરબો મંડાય છે... ગુપ્તદાનથી ચાલતી પરબો રાહદારીઓ માટે અને વાહનચાલકો માટે આશીર્વાદરૂપ બને છે...

# જિલ્લાની ૪૮૫ પ્રાથમિક શાળાઓ ઈ-કનેક્ટીવીટીથી સાંકળી લેવાશે

### રૂ. ૩૦ લાખથી વધુનો ખર્ચ; ૨૧૮ પ્રાથમિક શાળામાં બી.એસ.એન.એલ. તો ૨૬૭ શાળામાં વોડાફોન ઈ.કનેક્ટીવીટી આપશે : પ્રાથમિક શાળાના વહીવટીય સરળીકરણની સાથે સાથે ઈ. લાયબ્રેરી જેવી સુવિધા પણ મળશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની ૪૮૫ પ્રા. શાળાઓને આગામી શૈક્ષણિક સત્રારંભ પૂર્વે ઈન્ટરનેટ કનેક્ટીવીટીથી સાંકળી લેવામાં આવશે.

જિલ્લામાં આ ઈન્ટરનેટ કનેકટીવીટીની સાથે જ સ્કૂલ મેનેજમેન્ટ સોફ્ટવેર પણ અપલોડ કરી દેવામાં આવશે. જિલ્લામાં આ ઈ. કનેક્ટીવીટીને કારણે બાળકોને ઈ-લાયબ્રેરીની સુવિધા તેમજ શાળાને શાળા સંચાલન સહિતની બાબતોમાં સમયની બચત સાથે ઝડપી અમલીકરણ પણ શક્ય બનશે.

જિલ્લામાં પ્રા. શાળાઓને ઈ. કનેક્ટીવીટી માટે રૂ. ૩૦ લાખથી વધુનો ખર્ચ થવાનો છે. જે સર્વશિક્ષા અભિયાન અંતર્ગત કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૨૧૮ પ્રા. શાળામાં બી.એસ.એન.એલ. દ્વારા બ્રોડબેન્ડ સુવિધા આપવામાં આવશે જ્યારે વોડાફોન દ્વારા ૨૬૭ શાળાઓમાં ઈન્ટરનેટની સુવિધા પુરી પાડવામાં આવશે. આવા રાજ્યમાં ૨૨ હજાર જેટલી પ્રા. શાળાઓને આ ઈ. કનેક્ટીવીટીથી સાંકળવામાં આવનાર છે.

દહેગામ તાલુકાની ૧૬૩,

● અનુસંધાન પાન-૭ પર

**અમી-ક્રિષ્ના ગેસ એજન્સીના ગ્રાહકો જોગ**

Bharatgas COOK FOOD SERVE LOVE

અમી-ક્રિષ્ના ગેસ એજન્સીના તમામ ગ્રાહક મિત્રોને જણાવવામાં આવે છે કે, અમી-ક્રિષ્ના ગેસ એજન્સીની જગ્યાએ ગ્રાહકોએ હવેથી **મારૂતિનંદન ભારત ગેસ એજન્સી**ની નિમણુંક કરવામાં આવી

**તા. ૭-૫-૨૦૧૫થી નીચેના સરનામે સંપર્ક કરવો**

**દુકાન નં.૨૭, સુપરમોલ-૧, ઈન્ફોસીટી, ગાંધીનગર**

**ફોન : ૨૩૨૧૩૨૨૫, ૨૩૨૧૩૨૨૬ મો. ૯૧૭૩૯ ૯૩૧૧૧**

**હાર્દિક અભિનંદન**



**કાર્તિકભાઈ પટેલ**

ડેપ્યુટી મેયર

ગાંધીનગર મહાનગરપાલિકા

આપની ગાંધીનગર મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર પદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...

વી. વી. વૈષ્ણવ - ચેરમેન

એમ. કે. દલસાણિયા - મેનેજીંગ ટ્રસ્ટી

ડો. પી. કે. ગગલાણી - પ્રિન્સીપાલ

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ

ગાંધીનગર

# મોડાસા રાજ્યનું સૌથી ગરમ શહેર : પારો ૪૪.૫ ડીગ્રી

### મોડાસામાં અત્યાર સુધી ની ગરમી નો રેકોર્ડ તોડયો

મોડાસા તા.૫

સમગ્ર રાજય માં હાલ ગરમી એ માજા મુકી છે તેમાંય છેલ્લા ત્રણ દિવસ થી મોડાસા નુ તાપમાન ૪૫ ડીગ્રી એ પહોચતા સમગ્ર રાજય માં મોડાસા સૌથી ઓટ શહેર બન્યુ હતુ ત્યારે આજે પણ ગરમી નો પારો ૪,.૫ ડીગ્રી પર પહોચતા મોડાસા વાસીઓ ગરમી માં હેરાન પરેશાન થઈ ગયા હતા હજુ પણ આગામી દિવસો માં ગરમી વધવાની શકયતાઓ દેખાઈ રહી છે. ત્યારે લોકો ને બળબળતો તાપ વેઠવો પડશે અસહય ગરમી થી પંખા અને કુલર પણ નકામા બની ગયા છે. જયારે બીજી બાજુ લુ લાગવાના બનાવો અને ઝાડા ઉલટી ના બનાવો માં પણ વધારો થઈ રહયો છે.

આકાશ માંથી અગન જવાળાઓ વરસતી હોય તેવી આકરી ગરમી પડી રહી છે. વહેલી સવારથી બાફ અને ઉકળાટ નો અનુભવ થયા બાદ બપોરના સમયે તો જાણે શેકાઈ જવાતુ હોય તેવો અનુભવ પ્રજાને થઈ રહયો છે. મોડાસા પંથક માં શનિવારે રવિવારે અને સતત ત્રીજા દિવસે સોમવારે પણ ગરમીનો પારો ૪૫ ડીગ્રી પર પહોચતા સામગ્ર રાજય માં મોડાસા બહેર હોટ બનવા પામ્યુ હતુ અને આ ગરમી ના કારણે મોડાસા વાસીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા જયારે આટલી બધી ગરમી આ વખતે પડવાને લઈ ને તંત્ર પણ અચંબામાં પડી ગયુ છે. જોકે મોડાસા શહેર માં દિવસે ને દિવસે થઈ રહેલા વૃક્ષો નુ નીકંદન અને વધી રહેલા કોક્રીટ નુ જંગલ આ સમગ્ર પરીસ્થીતી માટે જવાબદાર હોવાનુ મનાઈ રહયુ છે.

જયારે આટલી બધી આકરી ગરમી બળતા અને સુરજદાદા પ્રકોપમાન થતાં બપોર ના સમયે મોડાસા શહેર ના મર્ગો સુમસાન ભાસતા હતા જયારે ઠંડા પીણા નસી દુકાનો અને શેરડી ના રસ ના ઢેલા ઓ ઉપર લોકો ની થોડીક ગણી ભીડ જોવા મળતી હતી ત્યારે છેલ્લા ૩ દિવસ થી મોડાસા પંથક માં હીટવેવ જેવી સ્થીતી સર્જાતા જનજીવન ત્રાહીમામ પોકારી ગયુ છે. ત્યારે આગામી સમય માં પણ ગરમી વધવાના હવામાન ખાતા ની આગાહી ને લઈ ને લોકો ગધરાહટ અનુભવી રહયા છે.

**આ વર્ષે ઈડર કરતાં પણ મોડાસામાં ગરમી વધુ**

સામાન્ય રીતે જોવા જઈએ તો ઈડરમાં પથ્થર તપતા સૌથી વધુ ગરમી પડે છે. પરંતુ આ વર્ષે મોડાસા શહેરનુ તાપમાન વધ્યુ છે. અરવલ્લી અને સાબરકાંઠામાં ચાલુ વર્ષે ૪૫ ડીગ્રી તાપમાન મોડાસાનુ નોધાઈ આવતા નવાઈ પેદા થઈ છે. ત્યારે એવુ તો કયુ કારણ છે કે રાજયમાં સૌથી વધુ તાપમાન મોડાસા પંથકમાં અનુભવાઈ રહ્યું છે.

